# Criterion 1 – Curricular Aspects

## College Admission Brochure and Prospectus for

## Student Information

The Unjha Education Board managed

# Shri B.P. Brahmbhatt Arts and M.H. Guru Commerce College, Unjha

(NAAC Accredited with 'B' grade)

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી,પાટણ સંલગ્ન



# Admission Open 2020-21



**નીચેના કોર્ષ માં પ્રવેશ ચાલુ છે**

**બી.એ./એમ.એ.- અંગ્રેજી**

**બી.એ./એમ.એ.- ગુજરાતી**

**બી.એ./એમ.એ.- અર્થશાસ્ત્ર**

**બી.કોમ./એમ.કોમ. - ગુજરાતી માધ્યમ**

**બી.કોમ./એમ.કોમ. - અંગ્રેજી માધ્યમ**

## કોલેજની વિશેષતાઓ:-



- એડમીશન અને શિક્ષણની ઓનલાઈન સુવિધા ધરાવતા સ્માર્ટ ક્લાસ
- વિદ્યાર્થીઓ માટે વાઈ -ફાઈ થી સજ્જ સંપૂર્ણ કોલેજ કેમ્પસ
- ૧૦ થી વધારે રમતો રમી શકાય તેવું સેન્ટ્રલી એ.સી. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- સરકાર માન્ય સ્કોલરશીપ, વાર્ષિક ૧૫ થી વધારે ઇનામો અને મેડલ
- ઈ લાયબ્રેરી, જીમ, કમ્પ્યુટર લેબ, મેદાન, હર્બલ ગાર્ડન, કેન્ટીનની અત્યાધુનિક સુવિધાઓ
- સ્પર્ધાત્મક પરીક્ષાઓ ની તૈયારી માટે કોચિંગ એકેડમી
- N.C .C . (બી.અને સી. સર્ટી. જે સરકારી નોકરી માટે ઉપયોગી )/N .S .S .માં જોડાવાની અમુલ્ય તક
- કેમ્બ્રિજ યુનિ. અને ગુજરાત સરકાર દ્વારા ચાલતા સ્કોપ અને ફીનીશીંગ સ્કુલ જેવા સર્ટિફિકેટ કોર્ષ
- પર્સનાલીટી ડેવલપમેન્ટ, યોગા સેન્ટર, સાયબર કેફે, રીડીંગ રૂમ, મેડીકલ સેન્ટરની મફત સુવિધાઓ.
- BAOU સ્ટડી સેન્ટર, GULM ના ફેશન ડીઝાઇનિંગ કોર્ષ, ડીપ્લોમા ઇન ફાયર સેફટી ના કોર્ષ કરવાનું સમગ્ર તાલુકાનું એકમાત્ર કેન્દ્ર
- અનુભવી, ઉચ્ચ લાયકાત ધરાવતા અધ્યાપકો દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ



**કાર્યાલય સંપર્ક:**

**એડમીશન માટે અમારી વેબસાઇટ www.accunjha.org પર આજે જ સંપર્ક કરો.**


આચાર્યશ્રી ડૉ. રાકેશ રાવ : 9426427893

પંકજ પટેલ : 9429260975

માયાબેન : 9426648214

નેહાબેન : 9408200833





હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન

**શ્રી કે. આઈ. પટેલ શૈક્ષણિક સંકુલ**

**શ્રી ઊંઝા એજ્યુકેશન બોર્ડ સંચાલિત**

# શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝા.


ઊંઝા - ૩૮૪૧૭૦, જિ મહેસાણા.

ફોન : ૦૨૭૬૭-૨૫૪૦૭૦, ૨૫૪૪૬૯

નેક એક્રિડીટેડ B+


વેબ સાઈટ : www.artscommercecollegeunjha.com


Scanned with CamScanner











Scanned with CamScanner

# આચાર્યશ્રીની કલમે....



યુવાન વિદ્યાર્થી - ભાઈબહેનો,

સૌ પ્રથમ આપ સૌ ઉચ્ચ અભ્યાસ મેળવવા યોગ્ય બન્યા છો તે માટે તમને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવીએ છીએ.

આજના યુગમાં સમગ્ર વિશ્વમાં જ્ઞાનનો વિસ્ફોટ થઈ રહ્યો છે અને દુનિયા એક ગ્લોબલ વિલેજ બની ગયું છે ત્યારે ૧૯૩૫માં જેની સ્થાપના થયેલ છે તેવા નગરના સૌથી જૂના શ્રી ઊંઝા કેળવણી મંડળ દ્વારા સંચાલિત શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ શ્રી એમ. એચ. ગુરૂ કૉમર્સ કૉલેજ કે જે ૧૯૬૫થી મહેસાણા જિલ્લાના મહત્ત્વના વેપારી મથક એવા મા ઉમિયાના ધામ ઊંઝા તથા આસપાસના વિસ્તારોમાં જ્ઞાનની જ્યોત જલાવીને વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે વ્યક્તિત્વ વિકાસને ધ્યાનમાં રાખીને આપવામાં આવતી કેળવણી દ્વારા ઘડતરની નેમ સાથે ઉત્તરોત્તર વિકાસનાં સોપાનો સર કરતી આ સંસ્થામાં આપને આવકારતાં અમે હર્ષની લાગણી અનુભવીએ છીએ. આજથી તમારી અને અમારી વચ્ચે એક સબંધ બંધાય છે એ સબંધ વધુ દ્રઢ બને તેવી મા શારદા-સરસ્વતીને પ્રાર્થના કરીએ છીએ.

આપ સર્વની જ્ઞાનની ઉપાસનામાં અમે સૌ પરિવારજનો તમારી સાથે છીએ. તમે તમારા વ્યક્તિત્વને ખીલવો, સ્વને ઓળખો, રાષ્ટ્રની સંસ્કૃતિ પહેચાનો, સંસ્કારી બનો તેવી તમારી પાસેથી અમને અપેક્ષા છે. આ કૉલેજમાં તમારે તાલીમ મેળવવાની છે. સ્વતંત્ર મિજાજ કેળવવાનો છે. વિદ્યાર્થીમિત્રો, તમે તમારા પ્રેમાળ મા-બાપના આશીર્વાદ લઈને આ વિદ્યા મંદિરમાં પધાર્યા છો. આંખોમાં સ્વપ્નો આંજીને, મહાન આકાંક્ષાઓ લઈને પધાર્યા છો. જિંદગીમાં સૌથી મૂલ્યવાન વર્ષો તમે અમારી સાથે વિતાવવાના છો. પરસ્પરનો વિશ્વાસ આપણે સંપાદન કરવાનો છે. કૉલેજમાં તમને વિચારોનું એક ખુલ્લુ આકાશ મળશે. આ આકાશમાં તમારે આગવું એક મેઘધનુષ્ય રચવાનું છે. આ કૉલેજના કેટલાક નિયમો છે. જે તમને કદાચ આકરા પણ લાગે તેમ છતાં તેનું ચુસ્તપણે પાલન કરજો કેમકે તે તમારા વ્યક્તિત્વ ઘડતર માટે એ જરૂરી છે. વિકલ્પમાં પડેલ છે તે પસ્તાય છે અને જે સંકલ્પ કરે છે તે સફળ થાય છે.

શ્રી ઊંઝા કેળવણી મંડળના પ્રમુખશ્રી તથા સૌ સભ્યો, આચાર્ય, અધ્યાપકો અને કૉલેજના વહીવટી કર્મચારીઓ તમારા વિદ્યા પ્રયાસમાં સહાયભૂત થવા તમામ પ્રયત્નો કરશે તમે કોઈ



Scanned with CamScanner

બાબતે મૂંઝવણ અનુભવો ત્યારે નિઃસંકોચપણે અમારો સંપર્ક કરજો. અમે તમને માર્ગદર્શન આપીશું. આપણી કોલેજમાં બહેનોને મૂંઝવતા પ્રશ્નો માટે અલગથી "મહિલા માર્ગદર્શક સમિતિ" પણ કાર્યરત છે.

ગુણાનુક્રમે આ કોલેજમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશપત્ર જરૂરથી પ્રમાણપત્રો સાથે કાર્યાલયમાં આવવાનું રહેશે. ત્યારબાદ પ્રવેશ આપવાની કાર્યવાહી થશે જેની સૂચના નોટિસબોર્ડ પર જોતા રહેજો. ફરીથી આપનું ઉમળકાભેર સ્વાગત છે તમારું જીવન મંગલમય નીવડો.

**પ્રિ. ડો. રાકેશ રાવ**
*શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ*
*શ્રી એમ. એચ. ગુરૂ કોમર્સ કોલેજ ઊંઝા.*



Scanned with CamScanner

# ઊંઝા એજ્યુકેશન બોર્ડ તેમજ આર્ટ્સ અને કોમર્સ કોલેજની પરંપરાગત પ્રણાલિકા

**ઊંઝા એજ્યુકેશન બોર્ડના હોદ્દેદારશ્રીઓ :**

| | |
|---|---|
| (૧) પ્રમુખ (સમગ્રસભા) | : શ્રી જગદીશભાઈ નટવરલાલ મહેતા |
| (૨) ઉપપ્રમુખ (સમગ્રસભા) | : શ્રી કે. આઈ. પટેલ |
| (૩) પ્રમુખ (કારોબારી સભા) | : શ્રી જયંતીભાઈ બી. પટેલ |
| (૪) ઉપપ્રમુખ(કારોબારી સભા) | : શ્રી પ્રહલાદભાઈ આર. પટેલ |
| (૫) માનદ્મંત્રી | : શ્રી બાલચંદભાઈ એન. પટેલ |
| (૬) સહમંત્રી | : શ્રી વસંતભાઈ એન. પટેલ (ચોક્સી) |
| (૬) ખજાનચી | : શ્રી શંકરલાલ લક્ષ્મીચંદદાસ પટેલ |
| (૭) આંતરીક ઓડીટર | : શ્રી પ્રદ્યુમન પ્રમોદભાઈ મહેતા |
| (૮) આંતરીક ઓડીટર | : શ્રી તેજપાલ હીરાલાલ પટવા |

**શ્રી કે. આઈ. પટેલ શૈક્ષણિક સંકુલની શાળા અને કોલેજોનું સંચાલન ઊંઝા એજ્યુકેશન બોર્ડ દ્વારા થાય છે. આજે આ કેમ્પસમાં...**

★ શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ શ્રી એમ. એચ. ગુરૂ કૉમર્સ કૉલેજ

★ શેઠ શ્રી વી. એસ. લૉ કૉલેજ

★ કૉલેજ ઓફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.પ્રોગ્રામ)

★ શેઠ એમ. આર. એસ. હાઈસ્કૂલ એન્ડ શ્રી એમ. એચ. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ (વિજ્ઞાન પ્રવાહસાથે)

★ શેઠ વા. છ. સાર્વજનિક બાલમંદિર

★ શેઠ એમ. આર. એસ હાઈસ્કૂલ વ્યાયામ શાળા

★ શ્રી ઊંઝા કેળવણી મંડળ હેલ્થ સેન્ટર

★ શ્રી હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્ર તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું અભ્યાસકેન્દ્ર આવેલ છે.

આ વટવૃક્ષમાં આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજની શરૂઆત ઈ.સ. ૧૯૬૫માં થઈ હતી. ૨૦મી સદીના છેલ્લા ૩૫ વર્ષથી કેળવણીની સેવા આપતી આ સંસ્થા માટે કોઈ પણ ગૌરવ લઈ શકે તેવી સ્વસ્થ અને દૃઢ પરંપરાઓ અને પ્રણાલિકાઓ અહીં સ્થપાઈ છે. ઊંઝા એ ઉત્તર ગુજરાતનું એક મહત્ત્વનું વિદ્યાધામ બન્યું છે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાંથી આ ૫૦ વર્ષમાં ગુજરાતમાં અને રાષ્ટ્રીય કક્ષાએ ઉદ્યોગક્ષેત્રે અને કેળવણીક્ષેત્રે અસંખ્ય વિદ્યાર્થીઓએ સમાજમાં ઉચ્ચ સ્થાનો પર બિરાજી પોતે પોતાની રીતે મહત્ત્વનું પ્રદાન કરી રહ્યા છે.

**આર્ટ્સ અને કોમર્સ કોલેજની ઉડીને આંખે વળગે તેવી કેટલીક વિશેષતાઓ નીચે મુજબ છે :**

(૧) આ કૉલેજે પોતાના અધ્યાપકગણ, પુસ્તકાલય તથા અભ્યાસ અને અભ્યાસેતર પ્રવૃત્તિઓ દ્વારા એક શિષ્ટ અને સંસ્કારી વિદ્યામય વાતાવરણ ઊભુ કર્યું છે.

(૨) આ કૉલેજમાં અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર અને કૉમર્સ મુખ્ય વિષયો તરીકે શીખવાય છે. ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર અને કૉમર્સ વિષયોમાં અનુસ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ અહીં અપાય છે.



Scanned with CamScanner

(૩) આ કોલેજમાં દાખલ થયેલ વિદ્યાર્થી તેના વ્યક્તિત્વનો વિકાસ કરી શકે તે માટે લલિતકળા અને રમત-ગમતના ક્ષેત્રો માટેની તાલીમ અને માર્ગદર્શન અપાય છે. યુનિવર્સિટી કક્ષાએ થતા યુવક મહોત્સવો અને રમતોત્સવોમાં દર વર્ષે આ કોલેજના વિદ્યાર્થીઓ અનેરી સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે.

(૪) આ કોલેજમાં એન. સી. સી. અને એન. એસ. એસ. ની પ્રવૃત્તિઓનો ખાસ પ્રબંધ કરવામાં આવ્યો છે. લશ્કરી તાલીમ અને સમાજ સેવાની તાલીમ એન. સી. સી. અને એન. એસ. એસ. દ્વારા મળે છે. દુષ્કાળ, રેલ સંકટ અને ભૂકંપ જેવી કુદરતી આફતો આવી પડે ત્યારે આ એકમ વિશેષ સક્રિય બને છે અને અસરગ્રસ્ત વિસ્તારના લોકોને યથાશક્તિ સહાય પહોંચાડવાનો પ્રયત્ન કરે છે.

(૫) અલ્પ સાધન પરંતુ તેજસ્વી હોય તેવા વિદ્યાર્થીઓને આ કોલેજ સહાય કરવા તત્પર રહે છે. વિવિધ સ્કોલરશીપ્સ અને પુસ્તકોનો આવા વિદ્યાર્થીઓને ઉદાર લાભ અપાય છે. ગરીબ વિદ્યાર્થી રાહત ફંડ દ્વારા અપાતાં પુસ્તકો, વિદ્યાર્થી વર્ષભર પોતાની સાથે રાખે તેવી વ્યવસ્થા પણ છે.

(૬) આ કોલેજની લાયબ્રેરી અને લોનલાયબ્રેરી અતિ સમૃદ્ધ છે. નિયત તારીખ સુધીમાં અરજી કરવાથી લોન લાયબ્રેરીમાંથી જરૂરીયાતમંદ વિદ્યાર્થી ભાઈ-બહેનોને પાઠ્ય પુસ્તકો મળી રહે છે. વિદ્યાર્થીઓ માટે બુકબેંકની સુવિધા ઉપલબ્ધ છે.

(૭) રમત-ગમત ક્ષેત્રે એથ્લેટીક્સ, ચેસ, હુતુતુ, વૉલીબોલ, નેટબોલ, જુડો, હેન્ડ બોલ, સાયકલીંગ, બોલ-બેડમીન્ટન, વેઈટલીફ્ટીંગ, બોડી બીલ્ડીંગ, સોફ્ટ બોલ, ટેનીસ રમતોની તાલીમ માટેની ઉત્તમ સુવિધા કૉલેજમાં છે. રમત-ગમતમાં રસ હોય અને શાળા કક્ષાએ પ્રવિણતા દાખવી હોય તેમણે આચાર્યશ્રીનો અને શારીરિક શિક્ષણના અધ્યાપકશ્રીનો સંપર્ક કરવો.

(૮) આ કૉલેજની સાથે આજ કેમ્પસમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અભ્યાસ કેન્દ્ર પણ સંલગ્ન છે અને આ માટે યુનિવર્સિટીના કો. ઓર્ડિનેટર (સંયોજકશ્રી) નો કેન્દ્ર પર સંપર્ક કરવો.

(૯) આ કૉલેજમાં સર્વોત્કૃષ્ટ વિદ્યાર્થીઓને દર વર્ષે પારિતોષિકો અને ચંદ્રકો આપવામાં આવે છે.

(૧૦) અંગ્રેજી ભાષા વિજ્ઞાન પ્રયોગશાળા : English Language Laboratory ગત્ સાલથી ગુજરાત સકારના અનુદાનથી કાર્યરત્ છે જે વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ ઉપયોગી નીવડેલ છે.

(૧૧) આ કોલેજમાં BISAG ચેનલ દ્વારા ઓનલાઈન શિક્ષણના વર્ગો પણ ચલાવવામાં આવે છે.

(૧૨) કોલેજના ચાર વર્ગો e-class છે. જેમાં અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી શિક્ષણ અપાય છે.

(૧૩) કોલેજમાં B Com (English Mediam) પણ ચાલે છે.



Scanned with CamScanner

# પ્રવેશ માટેની માહિતી

(૧) પ્રથમ વર્ષ આર્ટ્સ અને કોમર્સમાં પ્રવેશ માટે ધોરણ-૧૨ માં ઉત્તીર્ણ થનાર પ્રવેશ પાત્ર ગણાશે. ફોર્મ સ્વીકારવાની નિયત તારીખ સુધી આવેલ પ્રવેશફોર્મમાંથી ગુણાનુક્રમે પ્રવેશ અપાશે. તે માટે નોટિસબોર્ડ ઉપર સૂચના જોઈને નિયત તારીખ સુધીમાં ફી ભરવાની રહેશે.

(૨) વિદ્યાર્થીને વિષય માટે આપેલ વિષય પત્રક મુજબ જ વર્ષ દરમ્યાન અભ્યાસ કરવાનો રહેશે. આ વિષય પત્રક વર્ષ દરમ્યાન સાચવી રાખવું.

(૩) યુનિવર્સિટી અને ગુજરાત સરકારની નિયમાનુસાર અનુસૂચિત જાતિ, અનુ. જનજાતિ, બક્ષીપંચ અને અપંગ ઉમેદવારો માટે અનામત બેઠકો પ્રાપ્ત છે.

(૪) કૉલેજમાં ચાલતા વર્ગ શિક્ષણમાં નિયમિત હાજરી આપવી ફરજિયાત છે. હાજરી ખૂટતાં પરીક્ષા ફોર્મ રોકી શકાય છે.

(૫) વર્ષ દરમિયાન બંને સત્રમાં લેવાતી આંતરિક પરીક્ષા આપવી ફરજિયાત છે. તેમાં ઉત્તીર્ણ થનાર યુનિવર્સિટી પરીક્ષા માટે પાત્ર ગણાશે.

(૬) કૉલેજ કસોટીમાં ગુણાંકના આધારે આંતરિક ગુણ ૩૦માંથી આપવામાં આવશે.

(૭) જે વિદ્યાર્થીઓએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની અન્ય કૉલેજમાંથી આ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો હોય તેમણે સ્થળાંતર પ્રમાણપત્ર (ટી.સી.) પ્રવેશ મેળવ્યાથી ૧૫ દિવસમાં આપવાનું રહેશે.

(૮) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સિવાયની અન્ય યુનિવર્સિટીની કૉલેજમાંથી આ કૉલેજમાં પ્રવેશ મેળવનારે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું કામચલાઉ એલીજીબીલીટી સર્ટીફીકેટ પ્રવેશ માટે રજૂ કરવાનું રહેશે. ત્યાર પછી એક માસમાં ફાઈનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ લાવવાનું રહેશે.

(૯) ફી ના ધોરણો અંગે નોટિસબોર્ડની વિગતો જોઈ લેવી. કૉલેજ અનામત, પ્રયોગશાળા અનામત અને ગ્રંથાલય અનામત માટે આપેલ પાવતી સાચવી રાખવી ને કૉલેજ છોડ્યા બાદ એક વર્ષમાં પાવતી રજૂ કરી અનામતની રકમ પરત મેળવી લેવી.

(૧૦) એસ. ટી. બસ નીગમના નિયમાનુસાર કન્સેસન ની સગવડ પ્રાપ્ત છે.

(૧૧) પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થીઓએ તેમના ગુણપત્રક તથા સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટ કૉલેજમાં જમા કરાવવાના રહેશે તેથી તેની ઝેરોક્ષ નકલ કરાવીને પોતાની પાસે રાખવી.

(૧૨) વિદ્યાર્થીઓને અભ્યાસકાળ દરમિયાન ઓળખપત્ર પોતાની પાસે રાખવા આવશ્યક છે. એફવાય. બી. એ. /બી.કોમ. ના વિદ્યાર્થીઓએ ઓળખપત્ર મેળવી , સહી સિક્કા કરાવી લેવા અને તેમાં પણ વિષય નોંધ કરાવી લેવી.

(૧૩) B.A.,B.Com., અને M.A., M.Com. ના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના પરિણામો બાદ નિયત સમયમાં ઉપલા વર્ગમાં પ્રવેશ મેળવી લેવો.



Scanned with CamScanner

# કોલેજમાં ચાલતા વિષયો

આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં નીચેના વિષયોનું શિક્ષણ અપાય છે. આ સાથે જોડેલ નિયત પત્રક ભરીને કાર્યાલયમાં આપ્યા પછી પ્રવેશની માહિતી નોટિસબોર્ડ ઉપર જોઈ લેવી. રૂબરૂ મુલાકાત પછી જ વિદ્યાર્થીને જે તે વિષયમાં પ્રવેશ આપવામાં આવશે.

## બી.એ.સેમેસ્ટર : ૧-૨

**ફરજિયાત વિષયો (F.C.)** : ૧. અંગ્રેજી 'A' સ્ટ્રીમ, 'B' સ્ટ્રીમ
(ધોરણ-૧૨માં અંગ્રેજી વિષય રાખેલ ન હોય તેમને 'B' સ્ટ્રીમમાં જ પ્રવેશ મળશે.)
૨. સંસ્કૃત

**મુખ્ય વિષયો (કોર કોર્ષ)** : અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર

**વૈકલ્પિક વિષયો(કોર ઈલેક્ટીવ)** : હિન્દી, માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર

**વૈકલ્પિક વિષયો(ઈલેક્ટીવ ઓપન)** : હિન્દી, માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ગુજરાતી

**નોંધ :-** ૧. દરેક વિદ્યાર્થીએ કોર કોર્ષ, કોર ઈલેક્ટીવ અને ઈલેક્ટીવ ઓપનમાંથી એક એક વિષય પસંદ કરવાનો રહેશે.

૨. એક વખત વિષય નક્કી થયા પછી કોઈ પણ સંજોગોમાં વિષય બદલી શકાશે નહી. B.A.Sem.-1 માં પ્રવેશ મેળવવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, ટ્રાયલ સર્ટી.તથા બધા જ પ્રયત્નોની ગુણપત્રકની ઝેરોક્ષ નકલો સાથે જોડવી. પ્રવેશપત્રની સાથે પાસપોર્ટ સાઈઝના બે ફોટા પણ આપવાના રહેશે.

## બી.એ.સેમેસ્ટર : ૩-૪

**ફરજિયાત વિષય (F.C.)** : અંગ્રેજી

**મુખ્ય વિષયો (કોર કોર્ષ)** : અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર

**વૈકલ્પિક વિષયો(કોર ઈલેક્ટીવ)** : હિન્દી, માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર

**સોફ્ટ સ્કીલ** : ઈલેક્ટીવ જનરીક

**નોંધ :** બી.એ. સેમેસ્ટર ૧-૨ માં રાખેલ વિષય ગૃપ જ સેમેસ્ટર ૩-૪ માં રહેશે.

## બી.એ.સેમેસ્ટર : ૫-૬

**ફરજિયાત વિષય (F.C.)** : અંગ્રેજી

**મુખ્ય વિષયો (કોર કોર્ષ)** : અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર

**સોફ્ટ સ્કીલ** : ઈલેક્ટીવ જનરીક

## બી.કોમ સેમેસ્ટર : ૧

**કોર કોર્ષ (C.C.)** : ફન્ડામેન્ટલ્સ ઓફ બિઝનેસ ઈકોનોમિક્સ,
હ્યુમન રીસર્ચ મેનેજમેન્ટ-૧,
એકાઉન્ટન્સી-૧, કોમ્યુનિકેશન ઈન બિઝનેસ.

**કોર કોર્ષ (C.E.)** : ફાયનાન્સીયલ એકાઉન્ટીંગ-૧

**સબ્જેક્ટ ઈલેક્ટીવ (S.E.)** : સેક્રેટરીયલ પ્રેક્ટસ-૧,૨

**ફાઉન્ડેશન (F.C.)** : ફન્ડામેન્ટલ્સ ઓફ બેન્કીંગ

**સોફ્ટ સ્કીલ (S.S.)** : ફન્ડામેન્ટલ ઓફ ઈન્ટર પ્રિનિયોરશીપ



Scanned with CamScanner

## બી.કોમ સેમેસ્ટર : ૨

**કોર કોર્ષ (C.C.) :** ફન્ડામેન્ટલ્સ ઓફ બિઝનેસ ઈકોનોમિક્સ, ફન્ડામેન્ટલ્સ ઓફ માર્કેટીંગ મેનેજમેન્ટ, એકાઉન્ટન્સી-૨, બિઝનેસ કોરસ પોન્ડન્સ.

**કોર કોર્ષ (C.E.) :** ફાયનાન્સીયલ એકાઉન્ટીંગ-૨

**સબ્જેક્ટ ઈલેક્ટીવ (S.E.) :** સેક્રેટરીયલ પ્રેક્ટસ-૨

**ફાઉન્ડેશન (F.C.) :** જનરલ ઈન્સ્યોરન્સ

**સોફ્ટ સ્કીલ (S.S.) :** ફન્ડામેન્ટલ ઓફ ઈન્ટર પ્રિનિયોરશીપ

## બી.કોમ સેમેસ્ટર : ૩

**કોર કોર્ષ (C.C.) :** બિઝનેસ એન્વાયરમેન્ટ એન્ડ ઈકોનોમિક્સ પોલીસી-૧, ઈન્ડીયન ફાયનાન્સીસ સીસ્ટમ, ટેક્ષેશન-૧, કોમર્શીયલ કોમ્યુનિકેશન.

**કોર કોર્ષ (C.E.) :** કોસ્ટ એકાઉન્ટીંગ-૧, કોર્પોરેટ એકાઉન્ટીંગ

**સબ્જેક્ટ ઈલેક્ટીવ (S.E.) :** સેક્રેટરીયલ પ્રેક્ટસ-૩

**ફાઉન્ડેશન (F.C.) :** એન્વાયરમેન્ટલ સ્ટડીઝ

## બી.કોમ સેમેસ્ટર : ૪

**કોર કોર્ષ (C.C.) :** બિઝનેસ એન્વાયરમેન્ટ એન્ડ ઈકોનોમિક્સ પોલીસી-૨, પ્રોડક્સન મેનેજમેન્ટ, ટેક્ષેસન-૨, ઓર્ગેનાઈઝેશનલ કોમ્યુનિકેશન

**કોર કોર્ષ (C.E.) :** કોસ્ટ એકાઉન્ટીંગ-૨, ઓડીટીંગ-૧

**સબ્જેક્ટ ઈલેક્ટીવ (S.E.) :** સેક્રેટરીયલ પ્રેક્ટસ-૪

**ફાઉન્ડેશન (F.C.) :** ડીઝાસ્ટર મેનેજમેન્ટ

## બી.કોમ સેમેસ્ટર : ૫

**કોર કોર્ષ (C.C.) :** ઈકોનોમિક્સ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેન્ડ, માર્કેટીંગ મેનેજમેન્ટ પ્રેક્ટીસ, કોર્પોરેટ કોમ્યુનિકેશન, બિઝનેશ સ્ટેટેસ્ટીક-૧, બિઝનેશ લૉ-૧

**કોર કોર્ષ (C.E.) :** કોસ્ટ એન્ડ ફાયનાન્સીયલ એકાઉન્ટીંગ, મેનેજમેન્ટ એકાઉન્ટીંગ-૧

**ફાઉન્ડેશન (F.C.) :** જનરલ નોલેજ -૧

## બી.કોમ સેમેસ્ટર : ૬

**કોર કોર્ષ (C.C.) :** ઈન્ડીયન બિઝનેશ એન્ડ ઈકોનોમિક્સ એન્વાયરમેન્ટ, ફન્ડામેન્ટલ્સ ઓફ ફાયનાન્સીયલ મેનેજમેન્ટ, મિડીયા એન્ડ પબ્લિક રીલેશન કોમ્યુનિકેશન, બિઝનેશ સ્ટેટેસ્ટીક-૨, બિઝનેશ લૉ-૨

**કોર કોર્ષ (C.E.) :** મેનેજમેન્ટ એકાઉન્ટીંગ-૨, ઓડીટીંગ-૨

**ફાઉન્ડેશન (F.C.) :** જનરલ નોલેજ -૨

## એમ.એ. (અનુસ્નાતક)

**મુખ્ય વિષય :** અંગ્રજી, ગુજરાતી, ઈકોનોમિક્સ ~~માર્કેટીંગ મેનેજમેન્ટ, એકાઉન્ટન્સી-~~

## એમ.કોમ. (અનુસ્નાતક)

**મુખ્ય વિષય :** એકાઉન્ટન્સી, પ્રોજેક્ટ પ્લાનિંગ (ઓપ્સનલ)

**નોંધ :** અનુસ્નાતકમાં બી.એ., બી.કોમ. સેમ.૬ ના પરિણામ બાદ મેરીટના ધોરણે વિષયવાર પ્રવેશ અપાતો હોઈ નોટીસ બોર્ડની સુચનાઓ ધ્યાનમાં લઈ નિર્ધારીત તારીખ સુધીમાં પ્રવેશ મેળવી લેવો.



Scanned with CamScanner

# શિક્ષણ અંતર્ગત પ્રવૃત્તિઓ

**એન.એન. એસ.પ્રોગ્રામ ઓફિસર :** પ્રા. નવીનભાઈ પ્રજાપતિ
પ્રા. તેજસભાઈ શાહ

★ ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ વિભાગ દ્વારા યુવાનોના સર્વાંગી ઘડતરની તક ઊભી કરતી અનોખી પ્રવૃત્તિ.

★ આ સંસ્થામાં વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય તથા સામાજિક ભાવના જાગૃત કરવા ૨૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.

★ વિદ્યાર્થીઓમાં નેતૃત્વ શક્તિ ખીલવવા, વ્યક્તિત્વ વિકાસ કરવા અને તેમની સુષુપ્ત શક્તિઓને જાગૃત કરવા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

★ સ્વયંસેવક (વિદ્યાર્થી) યુનિવર્સિટી દ્વારા યોજાતી વિવિધ શિબિરોમાં ભાગ લઈ એવોર્ડ પ્રાપ્ત કરી શકે છે.

★ એન.એસ.એસ. પ્રવૃત્તિ અંતર્ગત યોજાનાર વિવિધ પ્રવૃત્તિઓમાં બે વર્ષ કાર્ય કરી અને એક વાર્ષિક શિબિરમાં ભાગ લઈ યુનિવર્સિટીનું સર્ટીફીકેટ મેળવી રોજગારની તક મેળવી શકે છે.

★ ગુજરાત સરકારના કે.સી.જી. દ્વારા ચાલતા ઈન્ટીગ્રેટીડ ક્લાસરૂમ **BISAG** ની સુવિદ્યા થી કોલેજના વિદ્યાર્થીઓ ગુજરાત ભરના વિદ્વાનોના જ્ઞાનનો લાભ લઈ શકે છે. જેના કો-ઓર્ડીનેટર ડૉ. ધનરાજ ચૌધરી છે.

★ **સમધારા** અંતર્ગત ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ ના કન્વિનર ડૉ. અમૃત જાદવ છે.

## એન.સી.સી. ANO : પ્રા. જે.બી.રાઠવા

★ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવના અને આકસ્મિક સમયમાં લશ્કરના સ્થાને નાગરિકોની સલામતી કેળવવાનું, સેવાની ભાવના વિકસાવતું સંગઠન છે.

★ આ સંસ્થામાં એન.સી.સી.નું એક યુનિટ ચલાવવામાં આવે છે.

★ આ એકમ દ્વારા વિવિધ ટ્રેઈનીંગ કેમ્પના આયોજન દ્વારા સૈનિકની તાલીમ આપવામાં આવે છે.

★ આ એકમ, કેડેટને “A” સર્ટીફીકેટ અને “B” સર્ટીફીકેટ મેળવવા અનોખી તાલીમ આપે છે.

★ આ એકમ દ્વારા “A” સર્ટીફીકેટ અને “B” સર્ટીફીકેટ મેળવનારને લશ્કરમાં જોડાવા, પોલિસ ઓફિસર થવા માટે લેખિત પરીક્ષા આપ્યા વગર સીધી તક મળે છે. હવેથી એન.સી.સી. નો બે વર્ષનો કોર્ષ થયો છે.

## ઈંગ્લીશ લેંગ્વેજ લેબોરેટરી :

**પ્રા. આઈ. કે. મન્સુરી**

ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ અને ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સંયુક્ત સાહસના ભાગરૂપે આધુનિક કોમ્પ્યુટરાઈઝ્ડ લેંગ્વેજ લેબોરેટરીની સુવિધા ઉપલબ્ધ છે. વર્તમાન કોમ્પ્યુટર યુગમાં જયારે અંગ્રેજી ભાષાનું મહત્ત્વ વધી રહ્યું છે ત્યારે કમ્પ્યુટરાઈઝ્ડ લેંગ્વેજ લેબોરેટરી યુવા પેઢી માટે આશીર્વાદ રૂપ પુરવાર થઈ રહી છે. આ લેંગ્વેજ લેબોરેટરી દ્વારા વિદ્યાર્થીઓ ઉપરાંત સામાન્ય નાગરિકો સ્પોકન ઈંગ્લીશ, કેરિયર એડવાન્સમેન્ટ, રોજિંદા વ્યવહારમાં ઉપયોગી નીવડે તે પ્રકારની ભાષા શીખી શકે તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.



Scanned with CamScanner

## સ્પોર્ટ્સ્

PTI : પ્રા. ડૉ. દિવ્યેશ પટેલ

શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ શ્રી એમ. એચ. ગુરૂ કૉમર્સ કૉલેજમાં છેલ્લા ત્રણ દાયકાથી સ્પોર્ટ્સની પ્રવૃત્તિઓ સોળે કળાએ ખીલી છે. ગત વર્ષે ઉત્તર ગુજરાતમાં પ્રથમવાર નેશનલ સેમિનાર ઓન ફિઝીકલ એજ્યુકેશનનું આયોજન કરવામાં આવેલ. જેમાં દેશના ખૂણે ખૂણેથી સ્પોર્ટ્સના અધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. હેન્ડ બોલમાં છેલ્લા ૨૧ વર્ષથી અવિરતપણે યુનિવર્સિટી ચેમ્પીયનશીપ આ કૉલેજે જાળવી રાખી છે. કૉલેજના વિદ્યાર્થીઓએ નેશનલ કક્ષાએ ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધાઓમાં ભાગ લઈને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી તથા કૉલેજ કક્ષાએ સ્પોર્ટ્સની પ્રવૃત્તિઓમાં ગૌરવ પ્રદાન કરાવેલ છે.

દર વર્ષે લગભગ અડધો ડઝન રમતોમાં આપણી કૉલેજ વિજેતા બને છે. દર વર્ષે પચાસ ઉપરાંત ખેલાડી ભાઈ-બહેનો નેશનલ સ્પર્ધામાં રાજ્યનું તેમજ હેમ. ઉ. ગુજરાત યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરેલ છે.

## આર્થિક સવલતો

- ★ આર્થિક પછાત ફી માફી
- ★ અનુસૂચિત જાતિ-સ્કોલરશીપ (પ્રવેશ મળ્યા પછી ફોર્મ ભરનારને જ મળે છે)
- ★ અનુસૂચિત જન જાતિ-સ્કોલરશીપ (પ્રવેશ મળ્યા પછી ફોર્મ ભરનારને જ મળે છે.)
- ★ ગરીબ વિદ્યાર્થી રાહત ફંડ ફી માફી (આ માટે નોટિસબોર્ડ જોતા રહી નિયત તારીખે ફોર્મ ભરાય તો જ ઉપરોક્ત લાભ મળે છે.)
- ★ ખાનગી ટ્રસ્ટ દ્વારા સ્કોલરશીપ માટે કૉલેજ સહાય રૂપ થાય છે.
- ★ બક્ષીપંચ સ્કોલરશીપ.
- ★ શારીરિક વિકલાંગ સ્કોલરશીપ
- ★ કન્યા કેળવણી ફી માફી
- ★ ગુજરાત ઉચ્ચતર શિક્ષણ સ્કોલરશીપ
- ★ કામદાર કલ્યાણ મંડળ

નોંધ: ૮૦% થી ઓછી હાજરી હશે તે વિદ્યાર્થી સ્કોલરશીપ મેળવી શકશે નહીં.



Scanned with CamScanner

# શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ શ્રી એમ.એચ.ગુરૂ કોમર્સ કોલેજ ઊંઝા માં અપાતાં પારિતોષકોની યાદી

| ક્રમ | એવોર્ડનું નામ | વિગત |
|---|---|---|
| (૧) | સ્વ. હર્ષિદા મિસ્ત્રી પારિતોષિક | સ્નાતક કક્ષાએ આર્ટ્સમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીનીને |
| (૨) | સ્વ. પુરૂષોત્તમદાસ દ્વારકાદાસ પટેલ પારિતોષિક | સ્નાતક કક્ષાએ કોમર્સમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને |
| (૩) | શ્રી ઊંઝા કેળવણી મંડળ કોમર્સ કોલેજ પારિતોષિક | સ્નાતક કક્ષાએ પ્રથમ ત્રણ આવના ર વિદ્યાર્થીઓને |
| (૪) | શ્રી ઊંઝા કેળવણી મંડળ આર્ટ્સ કોલેજ પારિતોષિક | સ્નાતક કક્ષાએ પ્રથમ ત્રણ આવનાર વિદ્યાર્થીઓન |
| (૫) | શ્રી ઊંઝા કેળવણી મંડળ અનુસ્નાતક આર્ટ્સ કોલેજ પારિતોષિક | અનુસ્નાતક કક્ષાએ પ્રથમ આવનાર વિદ્યાર્થીને |
| (૬) | શ્રી ઊંઝા કેળવણી મંડળ અનુસ્નાતક કોમર્સ કોલેજ પારિતોષિક | અનુસ્નાતક કક્ષાએ પ્રથમ આવનાર વિદ્યાર્થીને |
| (૭) | સ્વ. પુરૂષોત્તમદાસ મગનલાલ પારિતોષિક | ટી.વાય.બી.એ.માં પ્રથમ આવનાર |
| (૮) | સ્વ. પુરૂષોત્તમદાસ મગનલાલ પારિતોષિક | ટી.વાય.બી. કોમ.માં પ્રથમ આવનાર |
| (૯) | શ્રી બી.જે.પટેલ અનુસ્નાતક આર્ટ્સ પારિતોષિક | છેલ્લી પરીક્ષામાં આર્ટ્સમાં પ્રથમ આવનાર |
| (૧૦) | શ્રી બી.જે.પટેલ અનુસ્નાતક કોમર્સ પારિતોષિક | છેલ્લી પરીક્ષામાં કોમર્સમાં પ્રથમ આવનાર |
| (૧૧) | સ્વ.શ્રીઅરવિંદકુમાર એસ.પટેલ અનુસ્ના.આર્ટ્સ કોલેજ પારિતોષિક | છેલ્લી પરીક્ષામાં આર્ટ્સમાં પ્રથમ આવનાર+ |
| (૧૨) | સ્વ.શ્રીઅરવિંદકુમાર એસ.પટેલ અનુસ્ના.કોમર્સ કોલેજ પારિતોષિક | છેલ્લી પરીક્ષામાં કોમર્સમાં પ્રથમ આવનાર |
| (૧૩) | શ્રી મણીભાઈ નારાયણદાસ ઘંટી સન્માનનિધિ | બી.એ.ના છેલ્લા વર્ષમાં પ્રથમ આવનાર |
| (૧૪) | શ્રી મણીભાઈ નારાયણદાસ ઘંટી સન્માનનિધિ | બી.કોમ.ના છેલ્લા વર્ષમાં પ્રથમ આવનાર |
| (૧૫) | શ્રી ઈશ્વરભાઈ ગણેશદાસ પટેલ (મોલ્લોત) | સ્નાતક કક્ષાએ આર્ટ્સમાં એન્ટાયર અંગ્રેજીવિષયમાં પ્રથમ |
| (૧૬) | શ્રી ઈશ્વરભાઈ ગણેશદાસ પટેલ (મોલ્લોત) | સ્નાતક કક્ષાએ કોમર્સમાં અંગ્રેજી વિષયમાં પ્રથમ |
| (૧૭) | જડાવબેન અને વસંતલાલ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ | સ્નાતકકક્ષાનએ આર્ટ્સમાં બહેનોમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીની |
| (૧૮) | જડાવબેન અને વસંતલાલ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ | સ્નાતકકક્ષાનએ આર્ટ્સમાં ભાઈઓમાં પ્રથમ આવનાર વિદ્યાર્થી |
| (૧૯) | જડાવબેન અને વસંતલાલ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ | સ્નાતક કક્ષાએ કોમર્સમાં બહેનોમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીની |
| (૨૦) | જડાવબેન અને વસંતલાલ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ | સ્નાતક કક્ષાએ કોમર્સમાં ભાઈઓમાં પ્રથમ આવનાર વિદ્યાર્થી |



Scanned with CamScanner

# પ્રથમ સત્રમાં ભરવાની થતી ફી અંગેની માહિતી

| પ્રથમ સત્ર B.A. | Sem-1 રૂા. | Sem-3 રૂા. | Sem-5 રૂા. | M.A. Sem 1 | M.A. Sem-3 |
|---|---|---|---|---|---|
| ભાઇઓ | ૧૩૫૦/- | ૧૦૦૦/- | ૧૧૫૦/- | ૩૦૧૦/- | ૨૬૭૦/- |
| બહેનો | ૭૫૦/- | ૫૦૦/- | ૫૫૦/- | | |
| **બીજુ સત્ર** | Sem-2 | Sem-4 | Sem-6 | Sem 2 | Sem 4 |
| ભાઇઓ | ૧૦૫૦/- | ૧૦૫૦/- | ૧૩૦૦/- | ૨૬૯૦/- | ૨૮૭૦/- |
| બહેનો | ૪૫૦/- | ૪૫૦/- | ૭૦૦/- | | |

| પ્રથમ સત્ર B.Com. | Sem-1 રૂા. | Sem-3 રૂા. | Sem-5 રૂા. | M.Com. Sem 1 | M.Com. Sem-3 |
|---|---|---|---|---|---|
| ભાઇઓ | ૧૩૫૦/- | ૧૧૦૦/- | ૧૧૫૦/- | ૩૦૧૦/- | ૨૬૭૦/- |
| બહેનો | ૭૫૦/- | ૫૦૦/- | ૫૫૦/- | | |
| **બીજુ સત્ર** | Sem-2 | Sem-4 | Sem-6 | Sem 2 | Sem 4 |
| ભાઇઓ | ૧૦૫૦/- | ૧૦૫૦/- | ૧૩૦૦/- | ૨૬૯૦/- | ૨૮૭૦/- |
| બહેનો | ૪૫૦/- | ૪૫૦/- | ૭૦૦/- | | |

★ વિદ્યાર્થીની પાસેથી ટ્યુશન ફી લેવામાં આવતી નથી.
★ યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ ફી ના માળખામાં ફેરફારને અવકાશ રહેશે.
★ રીપીટર વિદ્યાર્થીઓએ જે તે વિષયના ભાઈઓની જે ફી દર્શાવેલ છે તે પ્રમાણે પૂરી ફી ભરવાની રહેશે.

## ટીચીંગ સ્ટાફ

અંગ્રેજી વિભાગ
(૧) પ્રિ. ડૉ. શ્રી આર. જી. રાવ
(૨) પ્રા. એમ. એફ. શાહ
(૩) પ્રા. આઈ. કે. મનસુરી
(૪) પ્રા. ટી. એફ. શાહ

ગુજરાતી વિભાગ
(૧) પ્રા. પી. બી. પટેલ
(૧) પ્રા. ડૉ. એ. એસ. જાદવ

અર્થશાસ્ત્ર વિભાગ
(૧) પ્રા. એન. આર. પ્રજાપતિ
(૨) પ્રા. ડૉ. આર. કે. શાહ

કૉમર્સ વિભાગ
(૧) પ્રા. આર. બી. પટેલ
(૨) પ્રા. ડી. કે. પટેલ
(૩) પ્રા. એસ. બી. પટેલ (ખંડ સમય)

હિન્દી વિભાગ
(૧) પ્રા. ડૉ. ડી.બી. ચૌધરી
(૨) પ્રા. ડૉ. એલ. કે. સ્વામી (ખંડ સમય)

માનસશાસ્ત્ર વિભાગ
(૧) પ્રા. એ. સી. તડવી
(૨) પ્રા. એચ. એમ. ત્રિવેદી (ખંડ સમય)

રાજ્યશાસ્ત્ર વિભાગ ----

સંસ્કૃત વિભાગ
(૧) પ્રા. ડૉ જે. બી. રાઠવા

પી.ટી.આઈ.
(૧) પ્રા. ડૉ. ડી.ડી. પટેલ

## વહીવટી સ્ટાફ (વર્ગ-૩)

(૧) શ્રી બી. એમ. ચૌહાણ
(૨) શ્રી એમ. બી. નાયક

## વહીવટી સ્ટાફ (વર્ગ-૪)

(૧) શ્રી જી. ડી. પરમાર
(૨) શ્રી એસ. એ. પટેલ
(૩) શ્રી કે. કે. નાયી
(૪) શ્રી આર. બી. નાયી
(૫) શ્રી એચ. એલ. દેસાઈ

## એડહોક સ્ટાફ

(૧) શ્રી આઈ. બી. પટેલ
(૨) શ્રી પી. જે. પટેલ
(૩) કુ. એન. એસ. જાની
(૪) શ્રી આર. વી. બારોટ
(૫) શ્રી જે. વાય. જોશી



Scanned with CamScanner

## આટલું ધ્યાનમાં રાખજો :–

(૧) વર્ગ શિક્ષણ તા. ૨૬ જૂન થી શરૂ થશે.

(૨) વર્ગમાં નિયમિત હાજરી લેવાશે.

(૩) પરીક્ષામાં ગેરરીતિ આચરી શકાશે નહીં.

(૪) પાન-મસાલા પર સદંતર પ્રતિબંધ છે.

(૫) મોબાઈલનો ઉપયોગ કરવો નહીં.

(૬) શિસ્ત જાળવવી.

(૭) પ્રાર્થના સમયે શિસ્તબધ્ધ ઊભા રહેવું.

(૮) શિક્ષણકાર્ય સિવાયના સમયમાં પુસ્તકાલયનો ઉપયોગ કરવો.

(૯) કૉલેજનો સમય ૭-૦૦ થી ૧-૦૦ નો રહેશે.
શૈક્ષણિક કાર્ય ૭-૪૫ કલાકથી શરૂ થશે.

(૧૦) રમત-ગમતમાં કોઈ એક પ્રવૃત્તિમાં અચૂક જોડાવું.

(૧૧) ઓળખપત્ર વિના પ્રવેશ મળશે નહીં.

(૧૨) નોટિસબોર્ડ દરરોજ વાંચતા રહેવું.

(૧૩) કૉલેજકેમ્પસમાંથી તમોને કોઈ પણ વસ્તુ મળે તો તે કાર્યાલયમાં જમા કરાવવી. વસ્તુ જમા કરાવનારને જાહેર કાર્યક્રમમાં સન્માનવામાં આવશે.

(૧૪) કૉલેજ અને કેમ્પસમાં સ્વચ્છતા જાળવવી.

(૧૫) કૉલેજના વર્ગો અને કેમ્પસમાં CCTV કેમેરા છે, જે તમારી વર્તણૂક પર ધ્યાન રાખી રહ્યા છે.

❀ ❀ ❀ ❀ ❀



Scanned with CamScanner













Scanned with CamScanner













Offset Unjha Ph. 253032

Scanned with CamScanner